








જ્ઞાન પંથ...

કસુંબો

અંકઃ ૨ । વર્ષ- ૨૦૨૧ । ફેબ્રુઆરી-૨૦૨૧

સ્થાપત્યના ખોળે..

ડાયનાસોર ફોસેલ્સ પાર્ક

બાલાસિનોર



કુમારપાળ પરમાર
ઈતિહાસકાર - લેખક









ગયા અંકમાં આપણે સ્થાપત્ય એટલે કલાની દ્રષ્ટિએ ઉચ્ચકક્ષાના હોય છે તેવું સમજયા છીએ. સ્થાપત્યો ખરેખર ભારતીય વારસાને ઉજાગર કરતા હોય છે. આજે આપણે એક એવા આધુનિક સ્થાપત્યની વાત કરી રહ્યા છીએ, જે સ્થાપત્ય ભારતીય કુદરતી વારસાને વર્ષો સુધી અમર રાખવાનું છે. આ સ્થાપત્ય ખરેખર કલાની દ્રષ્ટિએ ઉચ્ચકક્ષાનું તો ન ગણી શકાય પરંતુ ભારતીય કુદરતી વારસાની ધનીકતાને જરૂરથી રજૂ કરનારૂ જરૂર કહી શકાય.

પૃથ્વિના નિર્માણ વખતેથી ભારત એક ઉપખંડ તરીકે હતું અને આ ભારતીય ઉપખંડ પર અનેક જીવો વિકાસ પામ્યા, ઉછેરાયા અને લુપ્ત પણ થયા. તેમાંથી વિશાળકાય પ્રાણીજીવ એવા ડાયનાસોર પણ ભારતીય ઉપખંડ પર જોવા મળતા હતા. આજથી લગભગ ૬.૫ કરોડ વર્ષ પહેલા ૭૦ હજાર કીમી.પ્રતિ કલાક ની ઝડપે એક ઉલ્કાશીલા પૃથ્વિ તરફ આવી અને પૃથ્વિના વાતાવરણમાં આવતાની સાથે જ તેણે અગ્નિગોળાનું રૂપ લીધું. આશરે ૩૫ હજાર ડીગ્રી સેન્સીયસના તાપમાનવાળો આ અગ્નિગોળો મેક્સિકોનાં ચિકશુલૂબ ક્રેટર પ્રદેશ પર પડ્યો. આવું થવાથી પૃથ્વિ પર ના પથ્થરો અને તેના ટુકડાઓ અવકાશમાં ઉડ્યા, ૪૫ મિનિટ પછી તે પણ અગ્નિગોળાના રૂપમાં આપણી તરફ વરસવા લાગ્યા. એટલું જ નહી પણ ધૂળ અને નાના-નાના ટુકડાઓ જે અવકાશમાં ગયા હતા તેણે પૃથ્વિના કોરે મોરે પરત બનાવવાનું કામ કર્યું. જેનાથી ઘણા વર્ષો સુધી પૃથ્વિ પર સૂર્ય પ્રકાશ આવતા અટવાયો. પરિણામે ડાયનાસોર જેવા મોટા-મોટા જીવો પોતે ટકી શક્યા નહિ પણ પોતાના અવશેષો અહિં મુકતા ગયા.



વર્તમાન મહિસાગર જીલ્લામાં આવેલું બાલાસિનોર વ્યસ્ત સીટી અમદાવાદથી પુર્વ દિશામાં ૨ થી ૨.૫ કલાકના અંતરે આવેલું છે. પ્રાચીન કાળમાં આ વિસ્તાર ડાયનાસોરના રહેવા માટે ઉત્તમ હતો. અહિંના રૈયાલી ગામેથી ઈ.સ.૧૯૮૦-૮૧માં ડાયનાસોરના ઈંડાની દુનિયાની પ્રથમ મોટી સાઈટ મળી હતી. ભારતને ગર્વ લેવાની બાબત એ છે કે અહિંથી ૧૦ હજારથી પણ વધુ ડાયનાસોરના ઈંડા, હાડકા, મળ, વગેરેના અવષેશોની સાથે સાથે એક પૂર્ણ ડાયનાસોરનું હાડપીંજર એટલે કે ફોસેલ્સ પ્રાપ્ત થયા છે. રૈયાલીમાંથી મળેલ અવશોષોમાં Carnivorous, Cinosaur, Rajasaurus Narmandensis, Tyrannosaurus Rex, Sauropod, Titanosaur, વગેરે જેવી ડાયનાસોરની પ્રજાતિના ફોસેલ્સનો સમાવેશ કરવામાં આવે છે. આ અવશેષોને ભારત સરકાર દ્વારા કલકત્તા મ્યુઝીયમ અને ગાંધીનગર સ્થિત ઈન્દ્રોડા પાર્કમાં સંગ્રહિત રાખવામાં આવ્યા છે.



ડાયનાસોરના ઈંડાના ફોસેલ્સ

ડાયનાસોરના હાડકાના ફોસેલ્સ







હવે, સ્થાપત્યની વાત કરીએ તો, આજે આપણે એક આધુનિક સરકારી સ્થાપત્ય તરીકે બાલાસિનોર ફોસેલ્સ પાર્ક વિષે ચર્ચા કરીશું.



બાલાસિનોર ફોસેલ્સ પાર્કના પ્રવેશદ્વાર પર સફેદ ગ્રેનાઈટ પથ્થર પર ડાયનાસોરના હાડપિંજરની પ્રતિકૃતિ તૈયાર કરેલી જોવા મળે છે. એના બીલકુલ સામે સોરોપોડ ડાયનાસોરની પ્રતિકૃત પ્રતિમા આકર્ષણનું કેન્દ્ર છે. આ બન્નેની વચ્ચેથી પ્રવેશ કરતા પાર્કમાં જવાય છે. આ ફોસેલ્સ પાર્ક સંપૂર્ણ રીતે ખુલ્લી જગ્યામાં તૈયાર કરવામાં આવ્યો છે અને ડાયનાસોરના અવશેષોને ૧૩ ભાગોમાં વિભાજીત કરવામાં આવેલા જોવા મળે છે. તેમજ અવશેષોને લગતી લગભગ ૭૬થી વધુ સાઈડને લોખંડી જાળીથી કવર કરેલા છે અને તેના પર પ્રજાતિ પ્રમાણે વિગત આપવામાં આવેલી છે.







અંહિ ૨૦૧૯માં ડાયનાસોર મ્યુઝિયમ પણ તૈયાર કરવામાં આવ્યું છે. તેના પ્રવેશદ્વાર પર દિવાલ તોડીને નિળકતો ડાયનાસોર તૈયાર કરવામાં આવે છે, જેને જોતાની સાથે જાણે આપણા પર હુમલો કરવા જઈ રહ્યો હોય તેમ લાગી આવે તેવી અદ્ભૂત સ્થાપત્ય કલા આધુનિક કારીગરો દ્વારા તૈયાર કરવામાં આવી છે. તેમજ રૈયાલીમાંથી પ્રાપ્ત અવશેષો અને ડાયનાસોરના મોડેલ્સથી આધૂનિક સ્થાપત્ય શૈલી અહિં જોવા મળે છે.